# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તા: ૧૨/૪/૨૦૨૦

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડા)

---

# ચેમ્બર દ્વારા 'કેપીટલ માર્કેટ– કરન્ટ માર્કેટ સિચ્યુએશન' વિશે વેબીનાર યોજાયો

સુરત. ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા આજે સવારે ૧૧:૦૦ કલાકે 'કેપીટલ માર્કેટ– કરન્ટ માર્કેટ સિચ્યુએશન' વિશે વિડિયો કોન્ફરન્સ (વેબીનાર)નું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં નિષ્ણાંત વકતા તરીકે એસબીઆઇ મ્યુચ્યુઅલ ફંડના એકઝીકયુટીવ ડિરેકટર એન્ડ સી.આઇ.ઓ. શ્રી નવનીત મુનોત દ્વારા કોરોના વાયરસને કારણે શેરબજારની વર્તમાન સ્થિતિ અંગે રોકાણકારોને મહત્વનું માર્ગદર્શન આપવામાં આવ્યુ હતું.

ચેમ્બરના પ્રમુખ શ્રી કેતન દેસાઇએ જણાવ્યુ હતું કે, લોકડાઉનમાં હવે બધા હોમ કોરેન્ટાઇનથી ટેવાઇ ગયા છે. આથી ચેમ્બર દ્વારા ઉદ્યોગકારો અને લોકોને ઘર બેઠા મોટીવેટ કરવા તેમજ તેઓને વિવિધ વિષયોથી માહિતીગાર કરવા માટે આજે ૨૬માં વેબીનારનું આયોજન કરવામાં આવ્યું છે.

શ્રી નવનીત મુનોતે જણાવ્યુ હતુ કે, ૧૯૯૪માં પ્લેગ દરમિયાન તેમજ ત્યારબાદ પણ ફલડમાં સુરતે જે કરી બતાવ્યુ હતુ તે અત્યારે આખા વિશ્વને કરવાની જરૂર છે. ભારતમાં લોકડાઉન વહેલી તકે ચાલુ કરી દેવામાં આવ્યો તે ખૂબ જ સારી બાબત છે. વર્ષ ૧૯૧૮માં જયારે સ્પેનીશ ફલૂ ફેલાયો હતો ત્યારે વધારે સમય માટે જે દેશોએ લોકડાઉન ચાલુ રાખ્યો હતો તે દેશોમાં અન્ય દેશોની તુલનામાં ઓછું ઇન્ફેકશન થયુ હતુ અને તેઓની આર્થિક પરિસ્થિતિ પણ વહેલી તકે સારી થઇ ગઇ હતી.

શેરબજારની સ્થિતિ વિશે તેમણે જણાવ્યુ હતુ કે, કોરોના વાયરસની માઠી અસર શેરબજાર ઉપર પડી છે. એકજ દિવસમાં ઓઇલની કિંમતમાં જે ઘટાડો થયો છે તે પહેલા કયારેય આવી રીતે થયો નથી. જો કે, ઓઇલની કિંમતમાં ઘટાડાનો ઇન્ડાયરેકટ ફાયદો ભારતને થશે. પરંતુ ઓઇલની કિંમત સસ્ટેનેબલ થશે તો શેરબજાર માટે સારુ રહેશે. ભારતમાં ૩૦ – ૪૦ વર્ષમાં તેજી આવી હતી. વર્ષ ૧૯૯૨માં સિમેન્ટે લીડ કરી હતી. જયારે ૨૦૦૦માં આઇટી અને ૨૦૦૮માં ઇન્ફ્રા અને રિયલ એસ્ટેટે લીડ કરી હતી. અત્યારના સમયમાં પણ નવા સેકટર બહાર આવશે.

અત્યારે લાર્જ, મીડ અને સ્મોલ કેપ બધા જ નીચે આવી ગયા છે. રોકાણકારો એસેટ એલોકેશન પર ફોકસ કરશે તો સારુ રહેશે. વૈશ્વિક રીતે કોર્પોરેટ કંપનીઓ ઉપર કયા પ્રકારની અસર પડે છે તેને ધ્યાનમાં રાખીને રોકાણ કરવાનું રહેશે. ફાયનાન્શીયલ સેકટરમાં થોડી મુશ્કેલી દેખાઇ રહી છે પણ ફાર્મા અને હેલ્થકેર સેકટરમાં અત્યારે ઘણી તક દેખાઇ રહી છે. આગામી વીસ વર્ષમાં કયો બિઝનેસ કયાં પહોંચે છે તે ખાસ જોવાનું રહેશે. પીએસયુ ફંડ બાર–તેર વર્ષથી નીચે છે. ૨૦૦૭માં જે સ્થિતિ હતી તે હજી આવી નથી. પીએસયુના સ્ટોક ઘણા સસ્તા થઇ ગયા છે, ડિવીડન્ટ તેઓ સારુ આપે છે એટલે તેમાં રોકાણ કરવા માટેની તક મને દેખાઇ રહી છે. જો સરકાર ડિવીડન્ટ વધારે લેવાનો પ્રયાસ કરશે તો રોકાણકારોને પણ ડિવીડન્ટ વધારે જ મળશે. પેથોલોજી લેબમાં તેમજ હેલ્થકેરમાં ઇનોવેશન થશે. રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટમાં વધારે ધ્યાન આપવામાં આવશે. સારો સમય ચોકકસપણે આવશે.

શ્રી મુનોતે વધુમાં જણાવ્યુ હતુ કે રોકાણકારો હંમેશા ગુડ બિઝનેસ, ગુડ મેનેજમેન્ટ અને રિઝનેબલ વેલ્યુએશન માટે પ્રયાસ કરતા હોય છે. આજે રિઝનેબલ વેલ્યુએશન જોવા મળી રહી છે તે આજે આનંદની વાત છે. આગામી છ મહિના કે વર્ષના અર્નીગ ઉપર કઇ કંપનીના શેરમાં રોકાણ કરાય તેનો અંદાજ લગાવવો ખૂબ જ મુશ્કેલ છે. કેપીટલ માર્કેટમાં સેવીગ લાવવા માટે પ્રયાસ કરવો પડશે. ડિવીડન્ટ ફંડ, મ્યુચ્યુલ ફંડ, ડિસ્ટ્રીબ્યુટરની સાથે દેશમાં રોકાણ કરનારા લોકોના રૂપિયા લાવી શકીશું. એના માટે સરકારને ઋણ લેવું પડશે અને બેંકોને પૈસા આપવા પડશે.

તેમણે વધુમાં કહયું હતું કે સરકારે હવે ક્રાઇસિસ ઉપર ધ્યાન રાખવાનું રહેશે અને ઉદ્યોગોને સપોર્ટ કરવાનું રહેશે, જેથી કરીને ઉદ્યોગોને બંધ થતા અટકાવી શકાય. ઉદ્યોગોની બેલેન્સશીટ ડેમેજ નહી થવી જોઇએ તેના માટે પ્રયાસ કરવો પડશે. આવું જો થાય તો ઉદ્યોગકારોને કાયમની મુશ્કેલી થઇ જશે. લોન્ગ ટર્મ ઇકોનોમીમાં શું અસર થશે તેની અત્યારે કોઇને ખબર નથી. આથી વધુમાં વધુ લીકવીડિટી બજારમાં રિલીઝ કરવી પડશે. નાની નાની કંપનીઓને પણ લીકવીડિટી મળી શકે તેવી વ્યવસ્થા કરવી પડશે. વન ટાઇમ રિસ્ટ્રકચર કરવાની જરૂર છે અને આ દિશામાં સરકારે વિચારવું પડશે.

અત્યારે ભારત માટે ઘણી તકો ઉભી થશે તેનો આપણે કેટલો એડવાન્ટેજ લઇ શકીએ તેના પર ભારતનું ભવિષ્ય નિર્ભર કરે છે. અત્યાર સુધી ખેડૂતો જ ગરીબ છે તેવી રીતે તેમની તરફ ધ્યાન આપવામાં આવ્યુ હતુ. પરંતુ અર્બન ગરીબ ઉપર કયારેય આપણે ધ્યાન આપ્યુ નથી. ટેક્ષટાઇલ, ડાયમંડ અને હોટેલ ઇન્ડસ્ટ્રીમાં કામ કરતા ગરીબ વર્ગ તરફ ધ્યાન આપવાની જરૂર છે. સરકારને ઇન્ફ્રાસ્ટ્રકર ઉપર કામ કરવુ પડશે. બધા જ દેશો આ દિશામાં વધારે રસ લેશે. આવનારા સમયમાં ઇનોવેશન ખૂબ જ થશે. સાયન્સ માટે ગોલ્ડ પિરિયડ આવશે.

ચાઇનીઝ, કોરીયન, જાપાનીઝ સહિત વિશ્વની કંપનીઓ ભારતમાં રોકાણ કરવાનું વિચારી રહી છે. કારણ કે તેઓનું ડોમેસ્ટીક માર્કેટ નાનું છે. ભારત માટે ઘણી તકો દેખાઇ રહી છે પણ એના માટે એકસ્ટ્રા ઓર્ડીનરી મહેનત કરવી પડશે. સરકારે પણ અત્યારે બોલ્ડ અને ક્રિએટીવ ડિસીઝન લેવાની જરૂર છે. લોકોની આજીવિકા બની રહે અને ઉદ્યોગો ચાલી જાય આ બે વસ્તુઓ થઇ જશે તો આપણે શેરબજારને ફરીથી ઉંચાઇ સુધી લઇ જઇ શકીશું. સરકારે કોરોના વાયરસને કન્ટ્રોલ તો કર્યો છે પણ સરકાર જો ઉદ્યોગને સપોર્ટ કરશે અને તેના થકી આપણે ઇકોનોમીને બચાવી લઇશું તો એક નવા ભારતનું નિર્માણ થશે.

એનજે ઇન્ડિયા ઇન્વેસ્ટમેન્ટના એમડી શ્રી જિગ્નેશ દેસાઇએ કુશળતાપૂર્વક વેબીનારનું સંચાલન કર્યુ હતુ. જેમાં દેશભરમાંથી ૧૬૦ જેટલા લોકોએ ભાગ લીધો હતો અને તેઓનો ખૂબ જ સારો પ્રતિભાવ જોવા મળ્યો હતો. ચેમ્બરની સ્ટાર્ટઅપ પ્રમોશન કમિટીના ચેરમેન શ્રી સંજય પંજાબીએ પ્રાસંગિક વિધી કરી હતી. અંતે ચેમ્બરના માનદ્ ખજાનચી શ્રી શૈલેષ દેસાઇએ સર્વેનો આભાર માન્યો હતો અને ત્યારબાદ વેબીનારનું સમાપન થયુ હતુ.